# અન્નોત્સવ દિવસ : વડાપ્રધાને ગુજરાતના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો

## દિવાળી સુધી ગરીબોને મફત અનાજ આપવાની વડાપ્રધાનની જાહેરાત

દાહોદ,તા.૩ રૂપાણી સરકારનાં પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે આજે અન્નોત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી છે, જેના ભાગરૂપે દાહોદ જિલ્લામાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનાજ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. એમાં દાહોદ અને રાજકોટના લાભાર્થીઓને આ યોજના લેવામાં કોઈ તકલીફ પડે છે કે નહીં, વચેટિયા હેરાન કરતા નથી ને એ અંગે પૂછ્યું હતું. મોદીએ લાભાર્થીઓ સાથે સંવાદમાં જણાવ્યું હતું કે દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. મોદીએ ગુજરાત સરકારની કામગીરીને વખાણી હતી.



વડાપ્રધાન મોદીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'હજુ દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. દરેક સંભવ મદદ કરવી જ અમારો અર્થ છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ આવતા તમામ લાભાર્થીઓને દર વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા વધારાનું રાશન આપવામાં આવે છે. આજે વિશ્વભરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના વખાણ થઈ રહ્યાં છે.

વધુમાં જણાવ્યું કે, 'આ યોજના પાછળ સરકાર દ્વારા ૨ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવે છે. જેનો હેતુ માત્ર એક જ છે કે, ભારતની એક પણ વ્યક્તિ ભૂખી ન સૂવે. આ યોજનામાં રાશન કાર્ડધારકોને પહેલાં કરતાં બે ગણી માત્રામાં અનાજ આપવામાં આવી રહ્યું છે. આ યોજના દિવાળી સુધી ચાલશે.

વડાપ્રધાન મોદીએ રાજ્ય સરકારની પ્રશંસા કરતા જણાવ્યું કે, 'ગુજરાતમાં સાડા ત્રણ કરોડ લાભાર્થીઓને મફત અનાજનો લાભ મળી રહ્યો છે. એ માટે હું ગુજરાત સરકારની પ્રશંસા કરું છું. દેશના બીજા હિસ્સાના શ્રમિકોને પણ ગુજરાત રાજ્યએ પ્રાથમિકતા આપી છે. ગુજરાતે સૌથી પહેલાં વન નેશન વન રાશન કાર્ડનો લાભ આપ્યો છે.

આ સાથે જણાવ્યું કે, 'ગુજરાતના એક મોટા ભાગમાં પાણી માટે મહિલાઓને ચાલીને જવું પડતું. રાજકોટમાં પણ પાણી માટે ટ્રેન મોકલવી પડતી. પરંતુ આજે સરદાર સરોવર ડેમ, સૌની યોજના અને કેનાલોના નેટવર્કથી નર્મદાનું પાણી પહોંચી રહ્યું છે. જેના કારણે આજે ગુજરાત ૧૦૦ ટકા 'નળ સે જલ' ઉપલબ્ધ કરાવવામાં હવે દૂર નથી. આ પરિવર્તન પણ આખો દેશ અનુભવી રહ્યો છે.

તદુપરાંત પીએમ મોદીએ રાજકોટના એક લાભાર્થી સાથે વાત કરતા પૂછ્યું હતું કે, 'આ યોજનાનો લાભ લેવામાં કોઈ તકલીફ તો નથી પડી રહી ને.' એમાં લાભાર્થીએ જણાવ્યું હતું કે, 'કોરોનાકાળમાં આ યોજના હેઠળ અનાજ મળવાથી ઘણી રાહત છે.

અત્રે નોંધનીય છે કે, આ અવસરે ૧૭ હજાર પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી 'અન્નોત્સવ' અન્વયે ૪.૨૫ લાખ ગરીબ-અંત્યોદય પરિવારોને વ્યકિતદીઠ ૫ કિલો અનાજ કિટ વિનામૂલ્યે વિતરણ પણ આ કાર્યક્રમથી શરૂ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ગત વર્ષે જુલાઈથી નવેમ્બરના પાંચ મહિનામાં ૨૦૧ લાખ મેટ્રીક ટન મફત ખાદ્યની ફાળવણી કરી હતી. જ્યારે આ વર્ષની જો વાત કરીએ તો તેમાં અંદાજે ૨૮ લાખ મેટ્રીક ટન મફત ખાદ્યાન્ન વિતરણ કરવામાં આવ્યું છે.

### પ્રધાનમંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી

## જાસપુરમાં સલૂનની દુકાન ચલાવતા દિલીપભાઈ સુવાળીયા સાથે વાત કરી

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના વિવિધ જિલ્લાના આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સીધો સંવાદ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લાના જાસપુર ગામ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બઠેલા દિલીપકુમાર અમૃતભાઈ સુવાળીયા સાથે પણ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાત કરી હતી.

પ્રધાન મંત્રીશ્રી : શું કામ કરો છો.. દિલીપભાઈ
દિલીપભાઈ : સાહેબ, જાસપુર ગામમાં સલૂનની દુકાન ચલાવું છું.




પ્રધાનમંત્રીશ્રી : દિલીપભાઈ દિવ્યાંગ છો ?
દિલીપભાઈ : આ સાહેબ, નાનો હતો, ત્યારે પોલિયો થયો હતો, ત્યારેથી અપંગતા છે.
પ્રધાનમંત્રીશ્રી : કોરોનાકાળમાં દુકાન ચલાવતા સાવચેતી રાખી હતી ?
દિલીપભાઈ : હા સાહેબ, માસ્ક પહેરતો હતો, હાથમાં હેન્ડ ગ્લોસ પહેરતો હતો.
પ્રધાનમંત્રીશ્રી : તમારું કામ એવું છે કે આપ લોકાના સીધા સંપર્કમાં આવો ને ?
દિલીપભાઈ : હા, સાહેબ, પણ ભગવાનની દયા છે,
પ્રધાનમંત્રીશ્રી : ભાઈ, આપને અનાજ પૂરેપૂરું મળે છે ? અનાજ મેળવવામાં કોઈ તકલીફ પડે છે ?
દિલીપભાઈ : હા, સાહેબ આપ.. છો ને સાહેબ બીજું અનાજ મેળવવામાં કોઈપણ તકલીફ પડતી નથી.
પ્રધાનમંત્રીશ્રી : દીકરા – દીકરી કેટલા છે ? દિલીપભાઈ
દિલીપભાઈ : બે દીકરા છે, સાહેબ
પ્રધાનમંત્રીશ્રી : ભણાવો છો દીકરાને.. ?
દિલીપભાઈ : એક ભણે છે, એક મને દુકાન કામમાં મદદ કરે છે
પ્રધાનમંત્રીશ્રી : બીજાને કેમ દુકાનમાં કામ કરાવો છો.
દિલીપભાઈ : અપંગતા છે,એટલે કોઈ મદદમાં જોઈએને સાહેબ,

આ સંવાદ બાદ દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સર્વે ગાંધીનગર જિલ્લા વાસીઓને પ્રણામ કર્યા હતા.

દિલીપભાઈ સાથે વડાપ્રધાનશ્રીએ વાત કરી તેનો આનંદ તેમના ચહેરા ઉપર દેખાતો હતો. તેઓને ગ્રામજનો અભિનંદન આપતાં નજરે પડતા હતા.



ગાંધીનગર સમાચારના કટાર લેખક અને માહિતી વિભાગના અધિક માહિતી નિયામક પુલકભાઈ ત્રિવેદીના પુસ્તક 'ટૂંકું ને ટચ'ને કુમાર ફાઉન્ડેશન તરફથી ભોળાભાઈ પટેલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે. ગાંધીનગર સમાચાર દૈનિકમાં તેઓની નિયમિત સાપ્તાહિક કોલમ 'આત્મનાદ' પ્રસિદ્ધ થાય છે. આ કોલમમાંથી ચૂંટેલા લેખોનો સંપુટ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયો છે. હકારાત્મક અને પ્રેરણાદાયી જીવનશૈલીના પથદર્શક એવા આ પુસ્તકે વાચકોમાં અપાર લોકચાહના પ્રાપ્ત કરી છે.

## આજે આપ પાર્ટીના શહેર મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ કરાશે

### પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી તથા લોકપ્રિય કલાકાર વિજય સુંવાળા ઉપસ્થિત રહેશે : પાર્ટીના હોદ્દેદારો-કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ

ગાંધીનગર તા.૦૩

ગાંધીનગરમાં એક તરફ ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણીઓ હવે ચોમાસા બાદ યોજવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યું છે જયારે બીજી તરફ મનપાની ચૂંટણીઓમાં પહેલીવાર ઝંપલાવી રહેલી આમ આદમી પાર્ટી દ્વારા કોઈ કસર છોડવી નથી તેવું નક્કી કરવામાં આવ્યું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા શહેરમાં સેક્ટર-૧૬માં ઘ-૫ નજીક મધ્યસ્થ કાર્યાલય શરૂ કરવામાં આવી રહ્યું છે જેનું ઉદ્‌ઘાટન તા.૪થી ઓગસ્ટના રોજ બુધવારે સાંજે ૫ કલાકે આપના પ્રદેશ નેતા ઈશુદાન ગઢવીના હસ્તે કરવામાં આવશે અને આ પ્રસંગે ગુજરાતના જાણીતા લોકપ્રિય કલાકાર વિજય સુંવાળા પણ ઉપસ્થિત રહેશે.

આમ આદમી પાર્ટીના શહેર મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટનને અનુલક્ષીને પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે તેમજ ઘ-૫થી પથિકાશ્રમ એસટી ડેપો સુધીના માર્ગ પર આમ આદમી પાર્ટીના ઝંડા ફરકાવવામાં આવી રહ્યા છે. ઉદ્‌ઘાટન સમારંભમાં વોર્ડમાંથી ઉમેદવારએ જે વોર્ડ સમિતિ બનાવી છે તેમને પણ ફરજિયાત હાજર રાખવાના આદેશો કરવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીનું શહેર મધ્યસ્થ કાર્યાલય હવે શહેરની વચ્ચે શરૂ થતાં કાર્યકરોમાં ઉત્સાહ બમણો થશે અને જે રીતે પાર્ટીના કાર્યકરો દ્વારા દરેક વોર્ડમાં જનસંવેદના કાર્યક્રમ સહીત નાગરિકોના પ્રશ્નો ઉકેલવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેના પગલે મનપાનાં ચૂંટણી જંગમાં આપ પાર્ટી એક મોટો પડકાર બનીને ઉભરશે તેવું અનુમાન લગાવાઈ રહ્યુ છે.

## બેન્ક ઓફ ઈન્ડિયાએ પહેલા ત્રિમાસિક ગાળામાં ૭૨૦ કરોડનો નફો કર્યો

ગાંધીનગર તા. ૦૩

એક તરફ કોરોના મહામારીના કારણે અર્થતંત્ર પર ઘેરી અસર પડી છે પરંતુ બીજી તરફ આ કારણે નાગરિકો હવે મોટી સંખ્યામાં રોકડ વ્યવહારોને બદલે બેંકિંગ સેવાઓ ખાસ કરીને



ઓનલાઈન બેંકિંગ તરફ વળ્યા છે. બેંકિંગ ક્ષેત્રે મહત્વનુ સ્થાન ધરાવતી બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર રીઝનલ શાખાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે બેંકે વર્ષ ૨૦૨૧-૨૨ના પહેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૭૨૦ કરોડનો નફો કર્યો છે. જે ગત વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળા કરતાં ૧૮૮ ટકા વધુ છે. આ સાથે બેંકનો ઓપેરેટિંગ નફો પણ ગત ક્વાર્ટર કરતાં ૩૪ ટકા વધીને રૂ.૨૮૦૬ કરોડ થવા પામ્યો છે.

બેંક ઓફ ઈન્ડિયાની અખબારી યાદીમાં જણાવ્યુ છે કે બેંકની વ્યાજ સિવાયની આવકમાં વાર્ષિક ૩૯ ટકાનો વધારો થયો છે જ્યારે બેંક દ્વારા આપવામાં આવતા ધિરાણમાં છૂટક લોનમાં વાર્ષિક ૧૧.૫૭ટકાનો વધારો નોંધાયો છે તેમજ કૃષિ ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૧.૦૮ ટકાનો વધારો થયો છે. એમએસએમઈ લોન વાર્ષિક ધોરણે ૧૧.૪૫ ટકા વધી છે જ્યારે કાસા થાપણોમાં વાર્ષિક ધોરણે ૧૩.૮૦ ટકાનો વધારો થયો છે અને ગત નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરની સરખામણીમાં ક્રેડિટ ખર્ચમાં ૨૪૧ બેસિસ પોઈન્ટનો ઘટાડો થયો છે. આ સાથે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર માટે ચોખ્ખી વ્યાજ આવક રૂ. ૩,૧૪૫ કરોડ થવા પામી છે. જૂન-૨૦૨૦માં બેંકના કુલ એનપીએનો ગુણોત્તર ૧૩.૯૧ ટકાથી સુધરીને ૧૩.૫૧ ટકા થયો છે, અને નેટ એનપીએ રેશિયો જૂન-૨૦૨૦માં ૩.૫૮ ટકાથી સુધરીને ૩.૩૫ ટકા થયો છે. બેંકનો વૈશ્વિક વ્યાપાર વાર્ષિક ધોરણે ૨.૭૧ ટકા વધ્યો છે જે રૂ.૧૦,૩૮,૦૮૩ કરોડનું સ્તર ધરાવે છે.



## ધોળાકુવા ગામમાં પ્રવેશવાના માર્ગ પર કાદવ-કીચડ સહિત ગંદકીનો માહોલ

ગાંધીનગરના ધોળાકુવા ગામે પ્રવેશવાના માર્ગ પર ખુબજ કાદવ કિચડ અને ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો છે જેના કારણે ગ્રામજનોને અવરજવરમાં ખૂબ જ તકલીફ પડી રહી છે. એક તરફ ચોમાસાની ઋતુ હોવાને કારણે અને બીજી તરફ મેટ્રો રેલ પ્રોજેક્ટના મોટા વાહનોની અવર જવરના કારણે આ માર્ગ ઉપર કાદવ કિચડનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે તેમજ રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવનું જોખમ પણ તોળાઈ રહ્યું છે. શહેરના ચ-૦ સર્કલથી કોબા તરફના માર્ગેથી ગુજરાત ફન વર્લ્ડ પાસેથી ધોળાકુવા ગામમાં પ્રવેશવાના માર્ગ પર આ પરિસ્થિતિ છેલ્લા ઘણા દિવસથી જોવા મળી રહી છે જેના કારણે ગામના ટુ-વ્હીલર ચાલકો, સાયકલ ચાલકો તથા રાહદારીઓને ખૂબ જ પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. મેટ્રો રેલ પ્રોજેક્ટના મોટા વાહનોની સતત અવર જવરને કારણે આ માર્ગની હાલત અત્યંત બિસ્માર થઈ જવા પામી છે તેવું સ્થાનિકોનું માનવું છે જેથી આ વાહનો માટે કોઈ વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

### મનના ઉમંગો ● પાના ૪થાનું ચાલુ...

તમને તારાઓની બારાખડી ઉકેલતાં આવડે છે ?
- તો લખો.
- તમને ફૂલોની પાંખડીમાં પ્રવેશતાં આવડે છે ?
- તો લખો.
- તમને ક્ષણની આંખડીમાં કશુંક આંજતાં આવડે છે ?
- તો લખો.
- તમને રણનાં વિષાદને મૃગજળથી માંજતાં આવડે છે ?
- તો લખો.
- તમને આંખમાં આવેલાં વાદળને નહીં વરસાવતાં આવડે છે ?
- તો લખો.
- તમને મેઘધનુષને સૂકી ધરતી પર વાવતાં આવડે છે ?
- તો લખો.
તમને લોકોની વચ્ચે તમારી સાથે રહેતાં આવડે છે ?
- તો લખો.
તમને તમારાથી પણ છૂટા પડતાં આવડે છે ?
- તો લખો.
તમને કંઈ પણ આવડતું નથી,
એ અવસ્થા પર ઊભા રહેતાં આવડે છે ?

- સુરેશ દલાલ

### કેસ ઘટ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્યારે પણ દેશના ૮ રાજ્યોમાં પૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. આમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તમિલનાડુ, મિઝોરમ, ગોવા અને પોન્ડિચેરી સામેલ છે. અહીં ગત લોકડાઉન જેવા જ પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે. દેશના ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે.

અહીં પ્રતિબંધોની સાથે છૂટ પણ છે. આમાં છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, બિહાર, દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, નાગાલેન્ડ, આસામ, મણિપુર, ત્રિપુરા, આંધ્ર પ્રદેશ અને ગુજરાત સામેલ છે.

### વાનર ગેંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક મહીલા તેમજ એક પુરુષને ગંભીર ઈજા થવા પામી છે. સેકટરની બેંક તેમજ પોસ્ટ કચેરીમાં કામે ગયેલા બન્ને રહીશોને વાંદરાએ બચકા ભરીને લોહીયાળ ઈજા પહોંચાડતા તેમને હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી છે. પગના ભાગે ગંભીર ઈજા થવા પામી છે. વાંદરાઓના આતંકથી સેકટરવાસીઓમાં પણ ભય પ્રવર્તાયો છે. બાળકો અને મહીલાઓમાં પણ ફફડાટ પ્રવર્તાયો છે. શહેરના માર્ગ ઉપર પણ રખડતા ગાય કુતરા વચ્ચે કયારેક વાનર ગેંગ કુદકા મારતી નજરે પડે છે જેના લીધે અકસ્તામો પણ સર્જાય છે. સેકટરવાસીઓને ઈજા પહોંચાડતા આ આતંકી વાનરોને કેદ કરવા માટે સેકટરમાં એક પાંજરુ પણ મુકવામાં આવ્યુ છે. સે-૨૯ માં વાનરોની ગેંગમાં એક વાનર ગમે ત્યારે રસ્તે જતા નાગરિક પર હુમલો કરી બચકા તોડી લેતા સ્થાનિકોમાં ભય પ્રવર્તાયો છે. વનતંત્ર દ્વારા આ હુમલાખોર વાનરને પાંજરે કેદ કરવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગણી પણ ઉઠવા પામી છે.

### સાઈકલ માર્ચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, તૃણમૂલ કોંગ્રેસના નેતા કલ્યાણ બેનર્જી, શિવસેનાના નેતા સંજય રાઉત, આરજેડીના મનોજ ઝા અને અન્ય ઘણા પક્ષોના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી.

કોંગ્રેસ, એનસીપી, શિવસેના, આરજેડી, એસપી, સીપીઆઈ(એમ), સીપીઆઈ, આઈયુએમએલ, ક્રાંતિકારી સમાજવાદી પાર્ટી કેરળ કોંગ્રેસ, ઝારખંડ મુક્તિ મોરચા, નેશનલ કોન્ફરન્સ, ટીએમસી અને લોકતાંત્રિક જનતા દળના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. બીજી બાજુ, બેઠક બાદ રાહુલ ગાંધી વિપક્ષના નેતાઓ સાથે સંસદમાં સાઈકલ પર ગયા હતા.

### ધનસુરા ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અનાજ વિતરણ

ધનસુરાના જે એસ મહેતા હાઈસ્કૂલ ના હોલ ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ધનસુરા ખાતે વિનામુલ્યે અનાજ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ૩.૫ કિલો ઘઉ અને ૧.૫ કિલો ચોખા મળી ૫ કિલો અનાજ નું વિતરણ કરવામાં આવ્યું હતું રાજ્યના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૩.૫ કિગ્રા ઘઉ અને ૧.૫ કિગ્રા ચોખાનું વ્યાજબી ભાવની દુકાનો પરથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ધનસુરા મામલતદાર, ધનસુરા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા મહિલા મોરચાના મહામંત્રી પ્રીતિબેન ઠેકડી, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રૂપલબેન હાજર રહ્યા હતા.

KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter Ended June 30, 2021**

(₹ in Crores)

| Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Year Ended | Quarter Ended | | Year Ended |
| | June 30, 2021 | June 30, 2020 | March 31, 2021 | June 30, 2021 | June 30, 2020 | March 31, 2021 |
| Total Income from Operations | 1,586 | 1,459 | 7,671 | 3,204 | 2,330 | 12,949 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 116 | 101 | 663 | 127 | 54 | 735 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 116 | 101 | 831 | 127 | 54 | 945 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 76 | 69 | 615 | 78 | 28 | 662 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 91 | 70 | 631 | 108 | 30 | 672 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 30 | 31 | 30 | 30 | 31 | 30 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | 3,833 | | | 3,709 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | |
| a) Basic | 5.08 | 4.49 | 40.57 | 5.39 | 2.88 | 44.25 |
| b) Diluted | 5.08 | 4.49 | 40.57 | 5.39 | 2.88 | 44.25 |

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on August 03, 2021. The same have also been subjected to review by the Statutory Auditors.

3 The Group, through its subsidiary Kalpataru Power DO Brasil Participações Ltda., has acquired 51% in Fasttel Engenharia Ltda.,Brasil for a purchase consideration of ₹ 62 Crores. The Group is in the process of making a final determination of fair value of the identified assets and liabilities for the purpose of purchase price allocation. Pending this, the business combination has been accounted based on provisional fair valuation report. The results of the current quarter ended June 30, 2021 are not comparable with those of the corresponding period included in the aforesaid statement due to the said acquisition.

4 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors
Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

Place : Mumbai
Date : August 03, 2021

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.